કપાળમાં પૈડું ધડાકાભેર અથડાયું હતું અને આ શ્રમિક ઊંધા માથે પાછળ નીચે પટકાતાં તેને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચી હતી. આ ઘવાયેલા પરપ્રાંતીયને સારવાર અર્થે લઇ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ જીવલેણ બનાવ કંપનીમાં લાગેલા સી.સી.ટી.વી.માં કેદ થયો હતો. કેમેરાના ફૂટેજ પોલીસે હસ્તગત કર્યા હતા.

બીજીબાજુ શહેરના ઇફકો (ઉદયનગર) વસાહત સામે રુદ્રાક્ષ મંડપની ઓરડીમાં અપમૃત્યુનો બનાવ બન્યો હતો.

અહીં રહેનાર બિશુદાન નામનો યુવાન ગત તા. ૨૧/૩ના રાત્રિના ભાગે રૂમ ઉપર હતો. દરમ્યાન કોઇ કારણોસર તેણે લોખંડના એંગલમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ લીધો હતો. આ બનાવ પછવાડેનું કારણ હજુ અકબંધ છે, જેની આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

વધુ એક અપમૃત્યુનો બનાવ મોટા અંગિયા ગામમાં બન્યો હતો. ગામમાં રહેનાર રાજુબેન નામની યુવતી આજે સવારે પોતાના ઘરે હતી. દરમ્યાન અગમ્ય કારણોસર તેણે આડીમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ પોતાના જીવનનો અંત આણ્યો હતો. આ યુવતીએ કેવા કારણોસર છેલ્લું પગલું ભર્યું હશે તે માટે નખત્રાણા પોલીસે બનાવની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ભચાઉના ખારોઈ નજીક ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયા બાદ લોકો એકઠા થયા હતા તે તથા અકસ્માતગ્રસ્ત વાહનો તસવીરમાં જણાય છે. (તસવીર : મનસુખ ઠક્કર)

ખારોઈ પાસે કાર-લકઝરી બસ વચ્ચે અકસ્માતમાં કારચાલકનું તત્કાળ મોત

બસમાં સવાર ૧૫ પ્રવાસીને ઈજા : ફરિયાદ નોંધવાની તજવીજ જારી

ભચાઉ, તા. ૨૨: તાલુકાના ખારોઈ નજીક કેનાલ આગળ ખાનગી લકઝરી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતાં કારમાં સવાર હસમુખ નાગજી જાદવને ગંભીર પ્રકારની ઈજાઓ થતાં તેમનું મોત થયું હતું, જ્યારે બસમાં સવાર પંદરેક મુસાફરોને ઈજાઓ પહોંચી હતી.

ખારોઈ રોડ કેનાલ આગળ આજે બપોરે આ ગમખ્વાર અને જીવલેણ બનાવ બન્યો હતો. ભુજ તાલુકાના ભારાસરમાં રહેનાર મૂળ ધ્રાંગ્રધાના હસમુખખ જાદવ કામ અર્થે રાપર બાજુ ગયા હતા ત્યાંથી પરત આવતી વેળાએ તેમને અકસ્માત નડયો હતો. તેમની સફેદ રંગની કાર નંબર જી. જે. ૧૨-એફ.ડી.-૫૬૦૯ને ખાનગી લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારનો બુકડો બોલી ગયો હતો, જ્યારે ખાનગી લકઝરી બસ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં માથાંમાં ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતાં હસમુખ જાદવનું મોત થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જ્યારે બસમાં સવાર રૂડીબેન વિભા કોળી, હરદેવ નરશી કોળી, મંજુલા નરશી કોળી, સોમીબેન નરશી કોળી, દશરાજ જગતસિંહ, કુંવરબેન દશરા કોળીને ઈજાઓ પહોંચતાં તેમને સારવાર અર્થે લઈ જવાયા હતા. જ્યારે અન્યોને ભચાઉની વાગડ વેલફેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આજે બપોરના બનેલા આ બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ભુજથી ભચાઉ પટ્ટામાં દોડતી ખાનગી લકઝરી બસો વચ્ચે એસ.ટી.ના ઓછા થયેલા રૂટ વધારવા આ વેળાએ માંગ ઊઠી હતી તથા મુસાફરોની સુરક્ષાનો મુદ્દો પણ સપાટી ઉપર આવ્યો હતો.

આડેસર ગ્રામ પંચાયતમાં થયેલી નાણાકીય ઉચાપતમાં કાર્યવાહીની માંગ

ગાંધીધામ, તા. ૨૨ : રાપર તાલુકામાં આડેસર ગ્રામ પંચાયત કચેરીમાં થયેલી નાણાકીય ઉચાપત અંગે થયેલી તપાસમાં ગંભીર બાબતો સામે આવી હતી, જેથી આ મુદ્દે કાયદેસર કાર્યવાહી કરવા માંગ કરાઈ છે.

ભુજ જિલ્લા વિકાસ અધિકારીને સંબોધીને કરાયેલી ફરિયાદમાં આડેસર ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૨-૨૩ના ૧૦ માસમાં પંચાયતની તિજોરીમાંથી મોટી નાણાકીય રકમની ઉચાપત તેમજ ગેરરીતિની રજૂઆત કરાઈ હતી, જેથી તાલુકા રાપરના વિસ્તરણ અધિકારી મારફતે સ્થળ તપાસ કરાઈ હતી, પરંતુ તે સ્થળ તપાસ આપને યોગ્ય ન લાગતાં જિલ્લા પંચાયત હિસાબી શાખાના જે.એ. સિંધી મારફતે તે જ રીપિટ સ્થળ તપાસ કરાવાઇ હતી, જેમાં નાણાકીય ઉચાપત અને ગેરરીતિ જણાઈ આવી હતી.

ધંધાર્થીઓ પાસેથી પંચાયત દ્વારા નક્કી કરાયેલા દૈનિક ભાડાની વસૂલાત કરાય છે, જેમાં પંચાયતી વેરા ભરપાઈની પહોંચ આપવામાં આવે છે. આ અંતર્ગત ૧૧૮ વેરા પહોંચ અરજદાર રમણિકભાઈ કોટક દ્વારા ધંધાર્થીઓ પાસેથી મેળવીને તપાસ અધિકારીને સોંપાઈ હતી. તપાસ દરમ્યાન ૫૫ વેરા પહોંચ બ્લેક સામે આવી હતી, ત્યારે આ ગંભીર ગુના મુજબ જવાબદારો સામે નામજોગ કાયદેસર ફોજદારી દાખલ કરાવવા માંગ કરાઈ હતી., તો વળી તલાટીને નોટિસ આપવામાં આવી છે, જ્યારે જવાબદાર અન્ય લોકોને પણ નોટિસ ફટકારવામાં આવે તેવી માંગ અરજદાર દ્વારા કરાઇ છે.

પત્ર નહીં મિત્ર કચ્છમિત્ર
અભિનંદન શ્રદ્ધાંજલિ

	B/W	કલર
અંદર :	રૂા. ૨૮૦	૪૦૦
છેલ્લે :	રૂા. ૪૫૦	૬૪૦
પ્રથમ :	રૂા. ૬૦૦	૮૫૦

*5% GST EXTRA
વોટ્સ એપ/મોબાઈલ નંબર ૮૪૬૯ ૩૦ ૩૨ ૩૩

ચેક પરતના કેસમાં ગાંધીધામ કોર્ટે મહિલા આરોપીને કેદની સજા ફટકારી

ગાંધીધામ, તા. ૨૨ : ચેક રિર્ટન કરવાના કેસમાં ગાંધીધામની કોર્ટે મહિલાને કેદ અને દંડની સજા ફટકારતો હુકમ કરવામાં આવ્યો હતો.

આ કેસની વિગતો મુજબ આરોપી સુનિતા હરેશ મોતિયાણીએ ફરિયાદી લાજવંતી વિજય મજીઠિયા પાસેથી ઉછીના ૩૦ હજાર અને ૫૦ હજાર સહિત ૮૦ હજાર લીધા હતા. લેણાં પેટે આરોપીએ આપેલો ચેક ફરિયાદીએ ખાતાંમાં નાખ્યો હતો, જે પરત ફર્યો હતો. નોટિસ અપાયા બાદ રકમ ન ચૂકવાતાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ તળે ફરિયાદ દાખલ કરાઈ હતી. આ કેસમાં ત્રીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.એ. શેખે આરોપી મહિલાને તકસીરવાન ઠેરવી છ મહિનાની કેદની સજા ફટકારી હતી અને ૩૦ દિવસમાં ચેકની દોઢી રકમ ૧.૨૦ લાખ વળતર પેટે ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી પક્ષે એ.યુ. રાજવાણીએ હાજર રહીને દલીલ કરી હતી.

અંજારની શાળામાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી

અંજાર, તા. ૨૨ : અહીંની બીના પરીખ એક્સેલેન્સ (બીપીએસઈ) અંગ્રેજી માધ્યમની શાળામાં વિશ્વ ચકલી દિવસની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી.

આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાના ચકલી તથા અન્ય પક્ષી રહી શકે, તે પ્રકારના ઘરો બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ આ ઘરોને છાત્રોએ શાળામાં, શાળા આસપાસ ચકલીઓને રહેણાક માટે મૂકવામાં આવ્યા હતા. આ પ્રકલ્પ માટે શાળાના આચાર્ય તથા સ્ટાફગણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ વેળાએ અબોલજીવની રક્ષા કરવી એ આપણી નૈતિક ફરજ હોવાનું ગણાવી છાત્રોએ પ્રતિજ્ઞા લીધી હતી.

કચ્છમિત્ર APPOINTMENTS

Hitex Healthcare Pvt Ltd
Your partner in infection control
Job Vacancy

Human Resources Manager

Company is looking for HR Executive/Manager (Female/Male) with minimum experience of 4 - 5 years. The candidate must have a HR degree and Hand on experience in handling contract labor and hiring.Must exhibit all other HR domain knowledge.ISO experience with spoken & written English expertise will be an advantage.

Maintenance Manager

Need Candidate with 4 - 5 years of experience in maintaining all factory equipment and electricals

Salary will not be a constraint for the deserving candidates

Office Location - KASEZ , Gandhidham

Interested candidates may share their CV on Email hr.ghdm@hitexhealthcare.com, planthead.ghdm@hitexhealthcare.com

Contact: 97143 48177 / 97143 48117

કચ્છમિત્ર
એપોઈન્ટમેન્ટ
અઠવાડિયામાં ત્રણ દિવસ
મંગળવાર ગુરુવાર શનિવાર
ભાવ B/W રૂા. ૩૬૦/- પ્રતિ કો. સે.મી.
*5% GST EXTRA
: વધુ માહિતી માટે સંપર્ક :
જાહેરખબર વિભાગ, કચ્છમિત્ર કાર્યાલય, ઇન્દ્રાબાઈ પાર્ક પાસે, ભુજ.
વોટ્સ એપ/મોબાઈલ નંબર ૮૪૬૯ ૩૦ ૩૨ ૩૩

જોઈએ છે મહિલા શિક્ષિકા

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મિરજાપર રોડ, ભુજ-કચ્છ.

વિભાગ	વિષય	માધ્યમ	ડિગ્રી
માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક	અંગ્રેજી	અંગ્રેજી	M.A., B.Ed.
ઉચ્ચ માધ્યમિક	Account / S.P. / Eco.	અંગ્રેજી	M.Com., B.Ed.
પ્રાથમિક વિભાગ	---	ગુજરાતી	P.T.C.
પ્રાથમિક વિભાગ	---	અંગ્રેજી	P.T.C.
માધ્યમિક વિભાગ	Social Science	અંગ્રેજી	B.A., B.Ed.

E-mail : sskvmandir@yahoo.co.in, CONTACT NO. : 98251 25489
જાહેરાત પ્રસિદ્ધ થયે દિન સાતમાં અરજી કરવી.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
બ્રિજ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં. 11 વર્ષ 2023-24. તા.15-03-2024. **અનું. નં.1: ઈ-ટેન્ડર નં. ડીવાયસીઈ-બીઆર-એડીઆઈ-14-2023-24 (1) કામનું નામ:** અમદાવાદ-સાબરમતી સેક્શનઃ અમદાવાદ ડિવિઝનના કિ.મી. 499/22-500/4 ખાતે બ્રિજ નં. 733 ના હાલના જૂની બગડેલી ખરાબ પ્લેટ્સનું બદલીકરણ અને હાલના સ્ટીલ ગર્ડર્સનું મજબૂતીકરણ કરવાનું કામ. (2) **એનઆઈટી ની અંદાજીત પડતરઃ** ₹ 3,71,98,632.45/- (3) **બિડ સિક્યુરીટી પડતર/ઈએમડીઃ** ₹ 3,36,000.00. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તા.16-04-2024 ના 15:00 કલાકે. **ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર (બ્રિજ), અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફીસ સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત-380016. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ www.ireps.gov.in** ADI-308
અમને ફોલો કરો: twitter.com/WesternRly

ઘરેથી ચાલ્યા ગયા છે



ઉપરોક્ત ફોટાવાળા મારા પત્ની **દમયંતીબેન ભાણજીભાઈ મહેશ્વરી,** ઉ.વ. ૪૨, તા. ૨૪-૦૨-૨૪ના સવારના ૧૧.૩૦ વાગ્યાના સમયે અમારા રહેણાક સંત રોહીદાસ નગર, ભુજથી કોઇને કહ્યા વગર નીકળી ગયેલ છે. અમારા વડીલો સગાસંબંધીઓ તપાસ કરેલ ત્યાં પણ મળી આવેલ નથી. જે કોઇને મળે અથવા સમાચાર આપશે તેને યોગ્ય બદલો આપવામાં આવશે. જાણ કરવા માટે ભુજ શહેર બી ડિવિઝન (પોલીસ) અથવા મો. **85114 69264, 97278 67413** જાણ કરવી.
લિ. ભાણજીભાઈ મણશીભાઈ મહેશ્વરી (પતિ)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બેંક ઓફ બરોડા, ક્ષેત્રીય કાર્યાલય, ભુજ
જૂની જીપ વેચવા માટે ટેન્ડર નોટીસ

બેંક ઓફ બરોડા, ક્ષેત્રીય કાર્યાલય, ભુજ ને **જૂની મહિન્દ્રા બોલેરો જીપ** ''જ્યાં છે ત્યાંથી'' તથા ''જેમ છે તે સ્થિતિમાં'' શરતે વેચવાની છે. રસ ધરાવનાર બીડરે બીડ સીલબંધ કવરમાં, **ક્ષેત્રીય પ્રમુખ શ્રી, બેન્ક ઓફ બરોડા, રીજીયોનલ કચેરી, પ્રથમ માળ, ધનરાજ બિલ્ડીંગ, કોલેજ રોડ, ૩૭૦ ૦૦૧** ના સરનામે **તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ ૧૫:૦૦** વાગ્યા સુધીમાં અથવા તે પહેલાં મળે તે રીતે મોકલવાની રહેશે.

(વિગતો માટે અમારી વેબ સાઇટ (www.bankofbaroda.com) ના ટેન્ડર વિભાગ પર લૉગિન કરો)

બેંક કોઈ પણ ઓફરને સ્વીકારવા અથવા નકારવાના તેના અધિકાર અનામત રાખે છે.

ક્ષેત્રીય પ્રમુખ, ભુજ ક્ષેત્ર

Welspun® **વેલસ્પન ઇન્વેસ્ટમેન્ટસ એન્ડ કોમર્શિયલ્સ લિમિટેડ**
કોર્પોરેટ આઇડેન્ટિફિકેશન નંબર L52100GJ2008PLC055195
રજિ. કચેરી : વેલસ્પન સિટી, ગામ વર્ષામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦૧૧૦ ભારત
ટેલિ. +૯૧ ૨૮૩૬૬ ૬૧૧૧૧, ફેક્સ : +૯૧ ૨૮૩૬૨ ૭૯૦૧૦
ઇ-મેઇલ : CompanySecretary_WINL@welspun.com, વેબસાઇટ : www.welspuninvestments.com
કોર્પો. કચેરી : વેલસ્પન હાઉસ, સાતમો માળ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૧૩, ટેલિ. : + ૯૧ ૨૨૬૬૧ ૩૬૦૦૦, ફેક્સ : +૯૧ ૨૨૨૪૯ ૦૮૦૨૦

પોસ્ટલ બેલેટ નોટિસ

આથી નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, કંપનીધારો, ૨૦૧૩ની કલમ ૧૧૦ તથા કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિ.) નિયમ, ૨૦૧૪ તેમજ સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) નિયમ, ૨૦૧૫ (**'લિસ્ટિંગ નિયમો'**)ની જોગવાઇ અને કાયદેસર નિયમો (અન્ય કાયદાકીય સુધારણા) કે પુનઃ ફેરફારને આધીન લાગુ પડતા હોવાની જોગવાઇને લક્ષમાં લઇને **વેલસ્પન ઇન્વેસ્ટમેન્ટસ એન્ડ કોમર્શિયલ્સ લિમિટેડ** ('ધી કંપની')ના સભ્યોને ૧૫ માર્ચ, ૨૦૨૪ના નોટિસ માંહેના ખાસ ઠરાવને માન્ય/મંજૂર કરવા માટે કંપનીના સભ્યો તરફથી ઇલેક્ટ્રોનિક વોટિંગ ('ઇ-વોટિંગ') દ્વારા મંજૂરી માગવામાં આવે છે, જેની વિગતો નીચે મુજબ છે :-

(૧) કંપનીએ ૨૨ માર્ચના રોજ સવિસ્તર અહેવાલ સાથેની પોસ્ટલ બેલેટ નોટિસ તમામ સભ્યોને રજિસ્ટ્રાર મેમ્બરની ડિપોઝીટરી એટલે કે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ ('એનએસડીએલ') તથા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લિમિટેડ ('સીડીએસએલ') ઉપર ઉપલબ્ધ સરનામે શુક્રવાર, ૧૫ માર્ચ,૨૦૨૪ના રોજ નોંધાયેલ સરનામે ઇ-મેઇલ દ્વારા મોકલી આપેલ છે. જે કંપનીધારો, ૨૦૧૩ની જોગવાઇ અને સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ તા. એપ્રિલ, ૨૦૨૦, નં. ૧૭/૨૦૨૦ તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, નં. ૨૨/૨૦૨૦ તા.૧૫ જૂન, ૨૦૨૦, નં. ૩૩/૨૦૨૦ તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, નં. ૩૯/૨૦૨૦ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૧ તા.૨૩ જૂન, ૨૦૨૧ અને ૨૦/૨૦૨૧ તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૧, પરિપત્ર નં. ૨૧/૨૦૨૧ તા.૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, ૨/૨૦૨૨ તા. ૫ મે, ૨૦૨૨, ૧૦/૨૦૨૨ તા.૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ તથા ૦૯/૨૦૨૩ તા.૨૫ ડિસેમ્બર, ૨૦૨૩ ('એમસીએ પરિપત્ર') કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તરફથી મળેલ પરિપત્ર અનુસાર મોકલી આપેલ છે.
(૨) ઇ-વોટિંગ શનિવાર, ૨૩ માર્ચ, ૨૦૨૪ના સવારે ૯.૦૦ કલાકથી શરૂ થશે.
(૩) ઇ-વોટિંગ રવિવાર, ૨૮ એપ્રિલ, ૨૦૨૪ના સાંજે ૫ કલાકે બંધ થશે તેથી ત્યાર બાદ ઇ-વોટિંગ થઇ શકશે નહીં.
(૪) પરિપત્ર અનુસાર કંપની તરફથી સભ્યોની સુવિધા માટે એનએસડીએલ મારફત પોસ્ટલ બેલેટ પત્રકને બદલે ઇ-વોટિંગની સગવડ માટે નક્કી કરેલ છે.
(૫) ઇ-વોટિંગની સમગ્ર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ છે તેમાં કોઇપણ મુશ્કેલી અંગે ફ્રિકવન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન (એફએક્યુ)નો સંપર્ક કરી શકશે જે https://www.evoting.nsdl.com અથવા evoting@nsdl.co.in અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦નો સંપર્ક સાધી શકશે.
(૬) ઇલેક્ટ્રોનિક રાહે ઇ-વોટિંગ પ્રક્રિયાને લગતી મુશ્કેલી માટે evoting@nsdl.co.in (એનએસડીએલ) નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડ, એ-વિંગ, ચોથો માળ, ટ્રેડ હાઉસ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૧૩ કે ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦નો સંપર્ક સાધી શકાશે.
(૭) વિગતવાર અહેવાલ સાથેની પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઇટ www.welspuninvestments.com/content.asp?Submenu=Y&MenuId=28 SubmenuID= તથા એનએસડીએલ https://www.evoting.nsdl.com/ તેમજ બીએસઇ લિમિટેડ http://bseindia.com ઉપરાંત નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઇન્ડિયા લિમિટેડ https://www.nseindia.com/ ઉપર પ્રકાશિત કરવામાં આવેલ છે.
(૮) પોસ્ટલ બેલેટ પ્રક્રિયાને સરળ અને પારદર્શિતા માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓએ શ્રી સુનીલ ઝોરે, માલિક મે. એસપીઝેડ એન્ડ એસોસિયેટસ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને સ્ક્રુટિનાઇઝર તરીકે નિયુક્ત કરેલ છે.
(૯) પોસ્ટલ બેલેટનું પરિણામ મંગળવાર, ૨૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ કંપનીની કોર્પોરેટ કચેરી ખાતે ચેરમેન અને તેની અવેજીમાં કંપનીનાં કોઇપણ ડિરેક્ટર કે કંપની સેક્રેટરી દ્વારા જાહેર કરવામાં આવશે અને કંપનીની વેબસાઇટ http://www.welspuninvestments.com ઉપર પ્રસિદ્ધ ઉપરાંત બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (જ્યાં કંપની શેર નોંધાયા છે)ને જાણ કરવામાં આવશે તેની તમામ સભ્યોએ નોંધ લેવી.

તારીખ: માર્ચ ૨૨, ૨૦૨૪
સ્થળ: મુંબઇ
વેલસ્પન ઇન્વેસ્ટમેન્ટસ એન્ડ કોમર્શિયલ્સ લિમિટેડ વતી
સહી/-
અમોલ નાંદેડકર
કંપની સેક્રેટરી
ACS-23661

આજથી રવેચી માતાજી સાંનિધ્યમાં મોરારીબાપુની રામકથા



આજે સાંજે હનુમાનજી મહારાજના આહ્વાન સાથે રવેચીધામ બનશે રામમય

‘કચ્છની માટી’ આધારિત નક્શાનું થશે લોકાર્પણ

ભુજ : ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો મંત્ર ‘મારી માટી, મારો દેશ’ જે વિચારને અનુસરીને પ્રાદેશિક કક્ષાએ ઈવેન્ટ કરવાનું વિચાર્યું કચ્છના યુવાન ધૈર્ય છાયાએ. ‘મારી માટી, મારો કચ્છ પ્રદેશ’ ઈવેન્ટ અંતર્ગત કચ્છના દસેય તાલુકાઓ ફરી ત્યાંની માટી એકત્ર કરી બનાવ્યો છે.

કચ્છનો નવતર નકશો કચ્છની માટીમાંથી તૈયાર કરાયેલો વિશિષ્ટ નકશો આજે વિશ્વ શિક્ષક પૂ. મોરારી બાપુના વરદ હસ્તે લોકાર્પણ થવા જઈ રહ્યો છે. વાગડ સ્થિતમાં રવેચીના સાનિધ્યમાં યોજાયેલી રામકથાના પ્રથમ દિવસે આ નકશો રાષ્ટ્રર્પણ કરવામાં આવશે. ખરા અર્થમાં વ્યાસપીઠ અને શક્તિપીઠના સાનિધ્યમાં આ નકશાનું લોકાર્પણ થયું ગણાશે તેવું ધૈર્ય છાયાનું માનવું છે. આ નકશો ગાંધીધામના ઈનોવેટિવ પ્રાથમિક શિક્ષિકા શીતલ સચિન ધોળકિયા દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે. ત્રણ મહિનાની મહેનત બાદ આ નકશો તૈયાર કરવામાં આવ્યો છે. માટી જે સ્વરૂપે હતી એ જ માટીનો આ નકશામાં ઉપયોગ કરાયો છે. ‘મારી માટી, મારો કચ્છ પ્રદેશ’ અંતર્ગત એક વીડિયો તૈયાર કરવામાં આવ્યો છે જેમાં કચ્છના બાળ કલાકાર ઉદીશ ઓજસ વોરાએ માટી આધારિત ગીત રચી સંગીત પણ આપ્યું છે અને માટી માટે સમર્પિત એક નૃત્યની હોંશ ધૈર્ય છાયાએ પ્રસ્તુતિ કરાઈ છે.

કચ્છના દસેય તાલુકાઓ ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, ગાંધીધામ, રાપર, ભચાઉ, લખપત, અબડાસા, નખત્રાણાની માટીને નકશા મુજબ તાલુકાવાર પેસ્ટિંગ કરવામાં આવી છે. દસેય તાલુકા ફરવાનો અદ્ભુત અનુભવ મેળવ્યો છે. જ્યાં અભ્યાસ કર્યો એ બાળ મંદિર, પ્રાથમિક શાળાનું સ્થળ, ઉપરાંત ધાર્મિક, સાર્વજનિક સ્થળો ફરી વિધ વિધ ક્ષેત્રોના અગ્રણીઓ, ખેડૂતો વી. હસ્તે આ માટી એકત્ર કરવામાં આવી છે. લોકાર્પણના માટે યજમાન પ્રવીણભાઈ તન્ના અને જાગૃતિબેન શાહનો સહયોગ મળ્યો હોવાનું યાદીમાં જણાવાયું છે.

રાપર :તાલુકાના વ્રજવાણી અને તેના બીજા જ વર્ષે ધોળાવીરા ખાતે રામકથા યોજાયા બાદ રવેચીધામનું પાવન પટાંગણ આજથી નવ દિવસ રામનામથી ગુંજી ઉઠશે. મહાપુરુષો અને મહાનુભાવોની હાજરીમાં કથાનો મંગલ પ્રારંભ પૂ. મોરારિબાપુ કરાવશે. વર્ષો બાદ બાદ યાત્રાધામ રવેચી માતાજીના પ્રાંગણમાં આજથી સાંજે ચાર વાગ્યાથી રામકથાનો પ્રારંભ કરવામાં આવશે. કથાકાર મોરારિબાપુ હવાઈ માર્ગે ખાસ હેલિકોપ્ટરથી આવી સીધા મા રવેચીના દેવળે દર્શન કરવા જશે. સાંજે ચારના ટકોરે સંતો, મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ સંતોના આશીર્વાદ હનુમંત બિરાજી આજથી વાગડના પ્રસિધ્ધ રવેચી માતાજી શક્તિપીઠે રામનામ ગુંજી ઉઠશે. હનુમાનજી મહારાજને આહ્વાન આપતાં જ કથા મંડપ વિશેષ ભાવજગત થકી લોકહૈયાને ઝંકૃત કરશે. કથા શ્રવણ માટે વિશાળ મંડપ નિર્માણ કરાયો છે, જેમાં ૨૫ થી ૩૦ હજારથી વધુ લોકો બેસી કથા શ્રવણનો લાભ લઈ શકશે. તો હજારો માણસ માટે પ્રભુપ્રસાદની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. રવેચી મંદિરના મહંત ગંગાગિરિ ગુરુ મોહનગિરિના આશીર્વાદથી અનેક લોકો સેવામાં જોડાયા છે. કથાના મુખ્ય યજમાન રામપ્રેમી-રામકથાપ્રેમી કચ્છ લક્ષ્મીપર નેત્રાના પ્રવીણભાઈ કાનજીભાઈ તન્નાએ જણાવ્યું કે, આ કથા રવરાયની કૃપા થકી અને એમની જ ઈચ્છા થકી થઈ રહી છે. રવેચીધામની આસપાસના ગામોમાં ખૂબ જ ઉત્સાહ પ્રવર્તે છે. લોકહૃદય આનંદના સાગરમાં હિલોળા લઈ રહ્યું છે. વાગડના વડીલ એવા બાબુભાઈ મેઘજી શાહનો દાયકાઓનો રવેચીધામમાં મોરારિબાપુની કથા યોજાય એ મનોરથ મૂર્તિમંત બનતા પણ સૌમાં ખુશીની લહેર ફરી વળી છે. વર્ષોથી રામકથા દ્વારા લોકહૃદયમાં સ્થાન અંકિત કરનારા સંત મોરારિબાપુના વ્યાસાસને આ પાવન અને પવિત્ર ધરા પર રવેચી જાગીરના મહંત ગંગાગિરિજીની નિશ્રામાં આયોજિત નવદિવસીય રામકથાનો પ્રારંભ થતાં સમગ્ર વાગડ આજથી રામમય બની જાશે. રવેચી માતાજીના મંદિરે કથા દરમિયાન ૪૦૦થી વધારે સેવકો તથા પોલીસ સ્ટાફનો બંદોબસ્ત ગોઠવાયો છે. જેમા કથા મંડપ પાસે મુરવાજી દાદાના મંદિર નજીક વાહનો પાર્ક કરવાની વ્યવસ્થા કરાઈ છે. ત્રણ એક્સ્ટ્રા બસો દોડાવાશે અને કથા દરમિયાન ચોબારી ગામ દ્વારા છાસ વિતરણની સેવા આપવામાં આવશે. કથા પ્રસાદ સ્થળે ૩૦ હજાર જેટલા લોકો પ્રસાદ ગ્રહણ કરે તેવી પણ વ્યવસ્થા છે. ભાવિકો માટે ૪૮ તંબુ પણ ઉભા કરાયા છે. મોરારિબાપુ સુવઈ ખાતે વાડીલાલ સાવલાના ફાર્મહાઉસમાં ઉતારો કરશે. રાજુભા જાડેજા, રૂપેશ આહિર, કેશુભા વાઘેલા, લક્ષ્મણસિંહ વાઘેલા, યોગેશ ગજ્જર, માજી નાણામંત્રી બાબુભાઈ શાહ, વણવીર સોલંકી, રવજીભાઈ આહિર, વિનેશ સાધુ, જીલુભા જાડેજા સહિત અનેક નામી-અનામી સેવામાં જોડાયા હતા. ટ્રાફિક વ્યવસ્થા માટે બે પીઆઈ, છ પીએસઆઈ, ૬૦ પોલીસ, ૮૦ જીઆરડી હોમગાર્ડનો સ્ટાફ ગોઠવવામાં આવ્યો છે. કથા મંડપ, રસોડા વિભાગ અને વાહન પાર્કિંગ સહિતની જગ્યાએ ફરજ પર તૈનાત કરવામાં આવશે.

અબડાસા કોંગ્રેસના ૨ અગ્રણીના કોંગ્રેસને રામ-રામ !

નલિયા : અબડાસા કોંગ્રેસના ૨ અગ્રણીએ કોંગ્રેસને રામ-રામ કરી કોંગેસના તમામ હોદ્દા અને સભ્ય પદેથી રાજીનામું ધરી દીધું છે.

અબડાસા તાલુકા કોંગ્રેસના મંત્રી અને જશાપર - વિંગાબેર જુથ ગ્રામ પંચાયતના માજી સરપંચ જુવાનસિંહ રામુભા સરવૈયા અને ભાનાડા સરપંચ જાફર હાજી જુસબ નોડેએ કોંગ્રેસના તમામ હોદ્દા અને સભ્યપદેથી રાજીનામું આપી દેતા કોંગ્રેસને ઝાટકો લાગ્યો છે.

રાજીનામું આપનાર તાલુકા કોંગ્રેસના મંત્રી જુવાનસિંહ રામુભા સરવૈયા ગત તાલુકા પંચાયત સભ્યની ચુંટણી કોંગ્રેસના પ્રતિક પરથી લડયા હતા અને નજીવા તફાવતથી હારી ગયા હતા.જ્યારે રાજીનામું આપનાર અન્ય અગ્રણી જાફર હાજી જુસબ નોડે હાલ ભાનાડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે કાર્યરત છે.સાથે પશ્ચિમ કચ્છ નોડે સમાજના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે. બંને અગ્રણીના રાજીનામાથી લોકસભા ચુંટણી પહેલા કોંગ્રેસને તાલુકામાં ઝાટકો લાગવાની શરૂઆત થઈ ચુકી છે. કોંગ્રેસના અનેક સીનીયર અગ્રણીઓ પણ હાલ નિષ્ક્રીય થઈ ગયા છે અને કાર્યક્રમોમાં તેમની હાજરી પણ આપતા નથી ત્યારે કોંગ્રેસનો ગઢ ગણાતા અબડાસાના રાજકારણમાં રાજીનામાઓનો સીલસીલો ચાલુ રહે તેવી ગણતરીઓ થઈ રહી છે. રાજીનામા અંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ મોકાજી જાડેજાને પુછતા રાજીનામું આપનાર બંને અગ્રણીઓ કોંગ્રેસના કોઈ હોદ્દા ઉપર નહીં હોવાનું જણાવ્યું હતું. કાર્યકર હતા તેમ જણાવ્યું હતું.

બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા બે દિવસીય જનરલ સર્જરી કેમ્પ યોજાયો

ભુજ : બિદડા સર્વોદય ટ્રસ્ટ મધ્યે બે દિવસીય જનરલ સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીધામના નિષ્ણાંત જનરલ સર્જન ડો. કિશન કટુઆ દ્વારા દર્દીઓની તપાસણી કરી ઓપરેશન યોગ્ય ૨૨ દર્દીઓના ઓપરેશન નવનીત સર્જીકલ ઓપરેશન થીયેટર મધ્યે કરવામાં આવેલ હતા. જે પૈકી ૪ સારણગાંઠ, ૨ એપેન્ડીક્સ, ૧ ગેંગરીંગ, ૨ રસોડી, ૩ નાની મોટી ગાંઠો, ૧ થાઈરોઈડની ગાંઠ, ૩ હિસ્ટ્રોક્ટોમી અને ૬ અન્ય ઓપરેશન ટ્રસ્ટ મધ્યે રાહત દરે કરવામાં આવ્યાં હતા. એનેસ્થેટીક ડો. શિવાની દલાલે સેવાઓ આપી હતી.

સંસ્થાના સ્થાનીક ડો. દિક્ષિત વેલાણી, ડો. આકાશ સોલંકી અને ડો. કનક મોરીએ દર્દીની પ્રી અને પોસ્ટ ઓપ રેશન સંભાળ રાખેલ.

ડો. કિશન કટુઆએ વધુમાં જણાવ્યું કે, પીતાશયમાં પથરી થવાના કારણોમાં આજ-કાલની જીવનશૈલીમાં ખાસ કરીને ચરબી યુકત અને ફાસ્ટ-ફુડનુ વધતું પ્રમાણ છે, જેના લીધે પીતાશયની કાર્યક્ષમતા ઘટી જાય છે અને જો પીતાશયની કાર્યક્ષમતા ઘટે તો તેના લીધે તેમાં પથરી થાય છે. પીતાશયમાં પથરી થવીએ કાર્યક્ષમતા ઘટવાથી થતો રોગ હોઈ તેમાં પીતાશય કઢાવવું પડે છે તે ઓપરેશન પછી દર્દી પોતાનું જીવન સામાન્ય રીતે ગુજારી શકે છે.

સંસ્થાના ચેરમેન વિજય છેડાએ કેમ્પના દાતા માતુશ્રી મમીબાઈ હીરજી રતનશીની સ્મૃતિમાં નેમચંદ હિરજી રાંભીયા અને કલ્યાવાજી હિરજી રાંભીવા (ગામ : નાના ભાડીયા, કચ્છ) શેરો શંર્ટસના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યું હતું અને જણાવ્યું કે, ડો. કિશન કટુઆ દર શનિવારે બિદડા સર્વોદય ટ્રસ્ટ મધ્યે આવી દર્દીઓની તપાસણી કરે છે અને ઓપરશેનની જરૂરત હોય તેવા દરર્દીઓના ઓપરેશન દર મહિને રહતદરે ટ્રસ્ટ મધ્યે કરવામાં આવે છે. ટ્રસ્ટી શાંતિભાઈ વીરા અને ડો. મયૂર મોતાએ ડોક્ટરોના આભાર વ્યક્ત કર્યો હતો.

એલએલડીસી કચ્છી લોકવાદ્યોનું દસ્તાવેજીકરણ કરશે

ભુજ : શ્રુજન એલએલડીસી સંસ્થા કચ્છની હસ્તકળા ક્ષેત્રે પાયાનું કાર્ય કરી રહી છે. ભુજોડીમાં કાર્યરત શ્રુજન અને અજરખપુરમાં ‘લીવીંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર’ એના ધબકતા ઉદાહરણો છે. વિવિધ જ્ઞાતિની પરંપરાગત હસ્તકળાઓના કારીગરોને સમયોચિત્ત ડિઝાઈન, ગુણવત્તા, માર્કેટ ઈત્યાદીની ટ્રેનિંગ આપી પ્રોડક્ટને આંતરરાષ્ટ્રીય ગ્રાહકો સુધી પહોંચાડવામાં સંસ્થાનો મહત્વનો ફાળો રહ્યો છે. એલએલડીસી કલા મ્યુઝિયમની મુલાકાતે દેશ-વિદેશના જિજ્ઞાસુઓ, ચાહકો, કારીગરો, વિદ્યાર્થીઓ હોંશભેર આવે છે.

લોકચાહનાને અનુલક્ષીને સંસ્થાએ મ્યુઝિયમમાં કચ્છછી લોકસંગીતની ગેલેરી શરૂ કરવાની ગતિવિધિઓ આરંભી છે. એમાં ડિસ્પ્લે માટે વર્ષોથી કચ્છમાં પ્રચલિત લોકવાદ્યો, કચ્છી ગાયન-વાદન શૈલીઓ વિશે આધારભૂત માહિતી, વિશેષ સિદ્ધિ પામેલા નામી-અનામી લોક કલાકારો - પૂર્વજોના નામ અને તસવીરો વગેરે અપેક્ષિત છે સાથો સાથે કોઈ કલાકારો કે અન્યો પાસે કચ્છી લોક સંગીતના પરંપ રાગત વાદ્યો સંગ્રહિત હોય તો તેઓ ખાસ સંપર્ક કરે. તેઓને તે માટે યોગ્ય વળતર અને ક્રેડિટ આપવામાં આવશે. સાથે ખાતરી આપવામાં આવે છે કે આનો કોઈ પણ રીતે ધંધાદારી ઉપયોગ ન કરતાં કચ્છી સંસ્કૃતિ અને લોકસંગીતના પ્રચાર-પ્રસાર અને દસ્તાવેજીકરણ એ જ મૂળભૂત હેતુ છે, જેથી કરીને રસિકજનો, સંશોધકો, નવી પેઢી આ અમૂલ્ય વારસાને જાણી સમજીને ગૌરવભેર આગળ ધપાવે અને આ નવી લોક સંગીત ગેલેરી જ્યારે કચ્છના લોકસંગીત અને લોક ગાયન શૈલીઓને ઉજાગર કરવા જઈ રહી છે ત્યારે તે માટે સૌ લોક કલાકારો અને લોક સંગીત પ્રેમીઓ વાદ્યો, તસ્વીરો, વિડીયો, ઓડિયો કે વિગતો માટે સહયોગ આપે તેવી અપીલ કરાઈ છે. વધુ વિગતોમુજબ મહેશભાઈ ગોસ્વામીનો સંપર્ક કરવા જણાવાયું છે.

મહારાષ્ટ્રમાં નોકર ચોરીનો આરોપી ગાંધીધામમાં છુપાયો અને ઝડપાયો

ગાંધીધામ : લોકસભા ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ ચાલી રહી છે. જે અંતર્ગત મહારાષ્ટ્ર રાજ્યના કોળસેવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ નોકર ચોરીના ગુનામાં સંડોવાયેલો બિહારનો હેબ્જુલ અબ્દુલ બશીર ગાંધીધામમાં ખન્ના માર્કેટ ખાતે આવીને છુપાયો હોવાની બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે તેને ઝડપીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

બ્રિજ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. 11 વર્ષ 2023-24. તા.15-03-2024. **અનું. નં.1: ઈ-ટેન્ડર નં. ડીવાયસીઈ-બીઆર-એડીઆઈ-14-2023-24** (1) **કામનું નામઃ** અમદાવાદ સાબરમતી સેક્શનઃ અમદાવાદ ડિવિઝનના કિ.મી. 499/22-500/4 ખાતે બ્રિજ નં. 733 ના હાલના જૂની બગડેલી ખરાબ પ્લેટ્સનું બદલીકરણ અને હાલના સ્ટીલ ગર્ડર્સનું મજબૂતીકરણ કરવાનું કામ. (2) **એનઆઈટી ની અંદાજીત પડતરઃ** ₹ 3,71,98,632.45/- (3) **બિડ સિક્યુરીટી પડતર/ઈએમડીઃ** ₹ 3,36,000.00. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તા.16-04-2024 ના 15:00 કલાકે. **ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર (બ્રિજ), અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફીસ સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત-380016. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-308

અમને ફોલો કરો: twitter.com/WesternRly

૪ વર્ષની દીકરીની આંખ ઉપરની ગાંઠ સમસ્યા સર્જે તે પહેલાં દૂર કરાઈ

જી.કે. જનરલ હોસ્પિટલના આંખ અને એનેસ્થેટિક વિભાગનું સફળ ઓપરેશન

ભુજ : જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં ૪ વર્ષની માસૂમ દીકરીને જન્મથી જ આંખ અને ભ્રમર વચ્ચે રહેલી ગાંઠને આંખ વિભાગના તબીબોએ શસ્ત્રક્રિયાથી દૂર કરી બાળકીને ભવિષ્યમાં કોઈ દર્દ કે દ્રશ્ય સમસ્યા થાય તે પહેલાં જ આંખને સુરક્ષિત કરી દીધી હતી. જી.કે. ના ચક્ષુ નિષ્ણાત ડો.અતુલ મોડેસરાએ કહ્યું કે, ભુજની ૪ વર્ષની ફાતિમાને જન્મથી જ આંખ ઉપર ગાંઠ હતી. તેના વિકાસ સાથે નેત્ર ગોલક ઉપર દબાણ વધતું જતું હતું અને આંખ ઢળતી જતી હતી. આ ગાંઠ ભવિષ્યમાં વધુ વિકાસ પામે અને નજરને નુકસાન કરી શકે તેમ હોવાથી ગાંઠ દૂર કરવામાં આવી હતી. આ શસ્ત્રક્રિયામાં આંખના ડો.નૌરિન મેમણ, ડો.વૃંદા ગોગદાની, ડો.ચિંતન ચૌધરી અને ડો.ધ્રુવી શાહ જોડાયા હતા. ઉપરાંત એનેસ્થેટિક વિભાગના ડો.ચિરાગ અને તેમની ટીમે જટિલ શસ્ત્રક્રિયાને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું. તબીબોના જણાવ્યા મુજબ સામાન્ય રીતે આંખની આજુબાજુ ગાંઠ જોવા મળતી હોય છે પરંતુ નેત્ર ગોલક ઉપરની ગાંઠ વધુ નુકસાન કરે છે.

આદિપુરની યુવતી સેજલ રાજેશ શાહ AIR-39 ક્રમાંક સાથે GATEની પરીક્ષામાં ઉત્તીર્ણ

ભુજ : મૂળ ગામ લાલા અબડાસા હાલે આદિપુરના મેઘપર બોરીચીમાં રહેતી સેજલ લીપીકા-રાજેશ મુલજી મૈશેરી (શાહ)એ તાજેતરમાં રાષ્ટ્રીય કક્ષાની IIT સંસ્થામાં પીએચડીમા પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા લેવલે લેવાતી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગ્લુરૂ દ્વારા આયોજીત ગ્રુઈ-૨૦૨૪ની પરીક્ષા ગણિત વિષયમાં સમગ્ર દેશમાં ઓલ ઈન્ડિયા રેન્ક ૩૯ ક્રમાંકથી ઉતીર્ણ કરી, સામાન્ય વર્ગમાં સમગ્ર દેશની ટોપ મોસ્ટ IIT અને IISER સંસ્થામાં ગણિત વિષયમાં પીએચડીમાં પ્રવેશ માટે લાયક બનેલ છે અને ઉતરોતર પ્રગતિ કરે સાથે પરિવાર, સમાજ અને કચ્છનું નામ રોશન કરે એવી શુભકામનાઓ.ગત જુન ૨૦૨૩મા આસિસ્ટન્ટ પ્રોફેસર બનવાની માન્યતા માટે લેવાયેલ સીએસઆઈઆર - યુજીસી - નેટ પરીક્ષા એલએસ - ૬૧ ક્રમાંકથી પાસ કરેલ તેમજ નવેમ્બર - ૨૦૨૩માં લેવાયેલ જીસેટની પરીક્ષા પણ પાસ કરેલ છે. વર્ષ ૨૦૨૨માં બીએસસીમાં ગણિત વિષયમાં કચ્છ યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલ એનાયત થયેલ. તે હાલ વડોદરાની એમએસયુ કોલેજમાં એમએસસીના અંતિમ વર્ષમાં અભ્યાસ કરે છે.

ભુજના બાળકે પ્રેરક દ્રષ્ટાંત પૂરૂં પાડ્યું

ભુજ : અહીંના ભારતીબેન નાથ કેન્સર જેવી ભયંકર બીમારી થઈ છે ત્યારે તેમને સારવાર માટે જરૂરિયાત ઉભી થતા હેનિશ એચ. પોકારે ભારતીબેન નાથના ઘેર જઈ રૂા.૫૦૦૦ રોકડ આપી આ તેર વર્ષના બાળકે અન્ય બાળકો માટે પ્રેરણારૂપ કહી શકાય તેવું દ્રષ્ટાંત પૂરૂં પાડ્યું હતું.

હેનિશ હરહંમેશ બીજાને મદદ કરેલ છે અને જીવનનો સાચો આનંદ મેળવે છે. આગામી સમયે હેનિશ એજ્યુકેશન અને મેડિકલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજની સમીપે શૈક્ષણિક સંકુલ પણ ચાલુ કરવામાં આવશે તેમજ મેડિકલ ક્ષેત્રે જરૂરિયાતમંદ લોકોને દવાની વ્યવસ્થા કરવામાં આવશે. હેનિશ એચ. પોકારની આ ખરા સમયની મદદથી ભારતીબેન નાથના પરિવારે હેનિશનો આભાર માન્યો હતો તેમજ હેનિશે આ ટ્રસ્ટમાં સહભાગી બનેલ તમામ દાતાઓનો પણ આભાર માન્યો હતો.

એલએમવી વાહનના પસંદગીના નંબર મેળવવા ઓક્શન કરાશે

ભુજ : સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અંજાર- કચ્છ દ્વારા ફોર વ્હીલર (એલએમવી કાર)ના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝ જીજે ૩૯ સીબીનું ઓક્શન શરૂ કરવામાં આવનાર છે. અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર (પૂર્વ-કચ્છ) જિલ્લાની મોટરીંગ પબ્લિક માટે ઓનલાઈન અરજી ૨૫/૩ના સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૨૭/૩ના સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનની શરૂઆત તા.૨૭/૩ના સાંજે ૪ કલાકથી શરૂ થશે અને ઈ-ઓકશન તા.૨૯/૩ના સાંજે ૪ કલાકે સમાપ્ત થશે.

માધાપરમાં રાષ્ટ્રીય અનુ.જાતિ આયોગના અધ્યક્ષનો અભિવાદન સમારોહ યોજાશે

ભુજ : ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષપદે ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક કિશોરભાઈ મકવાણાની વરણી કરી છે.

કચ્છ જિલ્લા સાથે ગાંઠ સંબંધ ધરાવતા કિશોરભાઈ મકવાણાની ગૌરવશાળી પદે વરણીને કચ્છ-ગુજરાતમાં આવકાર આપવામાં આવી રહ્યો છે. કચ્છ જિલ્લાના તેમના શુભેચ્છકો, પરિવારજનો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત તા.૨૫ માર્ચના ભુજ તાલુકાના માધાપર ગામે નવાવાસમાં આવેલ મહાદેવ હિલ્સ ખાતે શ્રી મકવાણાના અભિવાદન માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે શુભેચ્છકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવાયું છું.

ભાવભીની શ્રદ્ધાંજલિ



સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી. સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના....

સ્વ. જયંતિભાઈ (જય) જોષી (પત્રકાર)
(ઉ.વ.37) સ્વ. તા. 20-03-2024

::: શોકાતુર :::
- ચાંદાબા ચેતનસિંહ પઢિયાર - સરપંચ
- નંદાબા દિપસંગજી પઢિયાર - ઉપસરપંચ
- નવલસિંહ કુંવરજી પઢિયાર - કારોબારી ચેરમેન
- કલ્પનાબેન કિશોરભાઈ મહેશ્વરી - સા. ન્યાય, ચેરમેન
- ઉદિયસંગ કુંવરજી સમા - સભ્ય
- અફઝલ અબ્દ્રેમાન ખલીફા - સભ્ય
- સાંયરોઝ ઈમતીયાઝ તુર્ક - સભ્ય
- કરશનભાઈ શિવજીભાઈ મહેશ્વરી - સભ્ય
- મીતલબેન રાહુલભાઈ મહેશ્વરી - સભ્ય
- ગૌવરીબેન થાવરભાઈ મહેશ્વરી - સભ્ય

તથા સમસ્ત મોટા કપાયા ગ્રામ પંચાયત અને ગ્રામજનો

સર્કસ ગાંધીધામમાં ધૂમ મચાવી રહ્યું છે

DPT ગ્રાઉન્ડ, આદિપુર રોડ, ગાંધીધામ-કચ્છ. Ph.: 88090 00175 82102 26670 દરરોજ 3 શો : 3-30, 6-30, 9-30

Date : 26/03 & 27/03/2024

Location : Near SBI Bank Nakhtrana

Service Camp — FREE વોશિંગ કુપન

એક્ષચેન્જ બોનસ ₹2000* | કેશબેક ₹5000* | આકર્ષક ફાયદો ₹2500* | ડાઉન પેમેન્ટ ₹5999*

Krishna Honda - Nakhtrana : 63564 48558

Welspun INVESTMENTS & COMMERCIALS LIMITED

(કોર્પોરેટ આઈડેન્ટીફિકેશન નંબર - L52100GJ2008PLC055195)

રજી. કચેરી : ''વેલસ્પન સિટી'', ગામ વર્ષામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦૧૧૦ ભારત ટેલિ. +૯૧ ૨૮૩૬-૬૬૧૧૧૧ ફેક્સ +૯૧ ૨૮૩૬-૨૭૯૦૧૦

ઈ-મેઈલ companysecretary_WINL@welspun.com વેબ : www.welspuninvestments.com

કોર્પો. કચેરી : વેલસ્પન હાઉસ, સાતમો માળ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૧૩ ટેલિ : +૯૧ ૨૨-૬૬૧૩૬૦૦૦ ફેક્સ : +૯૧ ૨૨-૨૪૯૦૮૦૨૦

પોસ્ટલ બેલેટ નોટિસ

આથી નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, કંપનીધારો, ૨૦૧૩ની કલમ ૧૧૦ તથા કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિ.) નિયમ, ૨૦૧૪ તેમજ સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિકવાયમેન્ટ) નિયમ, ૨૦૧૫ (**'લિસ્ટિંગ નિયમો'**)ની જોગવાઈ અને કાયદેસર નિયમો (અન્ય કાયદાકીય સુધારણા) કે પુનઃ ફેરફારને આધીન લાગુ પડતા હોવાની જોગવાઈને લક્ષમાં લઈને **વેલસ્પન ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ કોમર્શિયલસ લિમિટેડ** ('ધી કંપની')ના સભ્યોને ૧૫ માર્ચ, ૨૦૨૪ના નોટિસ મહિના ખાસ ઠરાવને માન્ય/મંજૂર કરવા માટે કંપનીના સભ્યો તરફથી ઈલેક્ટ્રોનિક વોટિંગ ('ઈ-વોટિંગ') દ્વારા મંજૂરી માગવામાં આવે છે, જેની વિગતો નીચે મુજબ છે :-

(૧) કંપનીએ ૨૨ માર્ચના રોજ સવિસ્તર અહેવાલ સાથેની પોસ્ટલ બેલેટ નોટિસ તમામ સભ્યોને રજિસ્ટ્રાર મેમ્બરની ડિપોઝીટરી એટલે કે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ ('એનએસડીએલ') તથા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ ('સીડીએસએલ') ઉપર ઉપલબ્ધ સરનામે શુક્રવાર, ૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ નોંધાયેલ સરનામે ઈ-મેઈલ દ્વારા મોકલી આપેલ છે. જે કંપનીધારો, ૨૦૧૩ની જોગવાઈ અને સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ તા. એપ્રિલ, ૨૦૨૦, નં. ૧૭/૨૦૨૦ તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, નં..૨૨/૨૦૨૦ તા.૧૫ જૂન, ૨૦૨૦, નં. ૩૩/૨૦૨૦ તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, નં. ૩૯/૨૦૨૦ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૧ તા.૨૩ જૂન, ૨૦૨૧ અને ૨૦/૨૦૨૧ તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૧, પરિપત્ર નં. ૨૧/૨૦૨૧ તા.૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, ૨/૨૦૨૨ તા. ૫ મે, ૨૦૨૨, ૧૦/૨૦૨૨ તા.૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ તથા ૦૯/૨૦૨૩ તા.૨૫ ડિસેમ્બર, ૨૦૨૩ ('એમસીએ પરિપત્ર') - કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તરફથી મળેલ પરિપત્ર અનુસાર મોકલી આપેલ છે.

(૨) ઈ-વોટિંગ શનિવાર, ૨૩ માર્ચ, ૨૦૨૪ના સવારે ૯.૦૦ કલાકથી શરૂ થશે.

(૩) ઈ-વોટિંગ રવિવાર, ૨૮ એપ્રિલ, ૨૦૨૪ના સાંજે ૫ કલાકે બંધ થશે તેથી ત્યાર બાદ ઈ-વોટિંગ થઈ શકશે નહીં.

(૪) પરિપત્ર અનુસાર કંપની તરફથી સભ્યોની સુવિધા માટે એનએસડીએલ મારફત પોસ્ટલ બેલેટ પત્રકને બદલેઈ-વોટિંગની સગવડ માટે નક્કી કરેલ છે.

(૫) ઈ-વોટિંગની સમગ્ર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ છે તેમાં કોઈપણ મુશ્કેલી અંગે ફિકવન્ટલી આસ્ક ક્વેશ્ચન (એફએક્યુ)નો સંપર્ક કરી શકશે જે https://www.evoting.nsdl.com અથવા evoting@nsdl.co.in અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦નો સંપર્ક સાધી શકશે.

(૬) ઈલેક્ટ્રોનિક રાહે ઈ-વોટિંગ પ્રક્રિયાને લગતી મુશ્કેલી માટે evoting@nsdl.co.in (એનએસડીએલ) નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડ, એ-વિંગ, ચોથો માળ, ટ્રેડ હાઉસ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ કે ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦નો સંપર્ક સાધી શકાશે.

(૭) વિગતવાર અહેવાલ સાથેની પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.welspuninvestments.com/content.asp?Submenu=Y&MenuId=28 SubmenuID= તથા એનએસડીએલ https://www.evoting.nsdl.com/ તેમજ બીએસઈ લિમિટેડ http://bseindia.com ઉપરાંત નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ https://www.nseindia.com/ ઉપર પ્રકાશિત કરવામાં આવેલ છે.

(૮) પોસ્ટલ બેલેટ પ્રક્રિયાને સરળ અને પારદર્શિતા માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓએ શ્રી સુનીલ ઝોરે, માલિક મે. એસપીઝેડ એન્ડ એસોસિયેટસ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કરેલ છે.

(૯) પોસ્ટલ બેલેટનું પરિણામ મંગળવાર, ૨૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ કંપનીની કોર્પોરેટ કચેરી ખાતે ચેરમેન અને તેની અવેજીમાં કંપનીનાં કોઈપણ ડિરેક્ટર કે કંપની સેક્રેટરી દ્વારા જાહેર કરવામાં આવશે અને કંપની વેબસાઈટ http://www.welspuninvestments.com ઉપર પ્રસિધ્ધ ઉપરાંત બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ (જ્યાં કંપની શેર નોંધાયા છે)ને જાણ કરવામાં આવશે તેની તમામ સભ્યોએ નોંધ લેવી.

વેલસ્પન ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ કોમર્શિયલસ લિમિટેડ વતી
સહી/-
અમોલ નાડેકર
કંપની સેક્રેટરી
ACS-23661

તારીખઃ માર્ચ ૨૨, ૨૦૨૪
સ્થળ : મુંબઈ